dakshinayan
દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

# VNSGU

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

Veer Narmad South Gujarat University, Surat

January 2016 | For private circulation only | Vol. 08 - Issue 163

ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો


**– સ્વામી વિવેકાનંદ**

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

વિદ્યા, વિદ્યાધામ, વિદ્યાર્થી અને વિદ્યાદાન કરનાર (જો કે, પ્રવર્તમાન સંજોગોમાં વિદ્યાદાન શબ્દપ્રયોગ કેટલે અંશે યોગ્ય છે?) શિક્ષક વિશે ફરીફરીને વિચારો વાગોળ્યા કરવા જોઈએ. સમાજની શિક્ષણ પાસેથી અપેક્ષાઓ કઈ અને કેવી ? શિક્ષણ તરફ સમાજની કશી જવાબદારી ખરી કે નહિ ? આજનું શિક્ષણ આવતી કાલે ટટ્ટાર ઊભું રહી શકશે કે કેમ ? શિક્ષણ લેનારનું મસ્તક ઊંચું રહેશે કે કેમ? શિક્ષણ સાથે શિક્ષકને પહેલાં જેવી નિસ્તબ રહી છે ખરી ? વિદ્યાર્થી વિદ્યા મેળવવા આવે છે કે માર્કશીટ ? શિક્ષણ - પરીક્ષા - પરિણામ - ટકા - માર્કશીટ - નોકરી - પગાર - પેન્શન... આ આપણો રાજમાર્ગ બરાબર છે ? શાળા કે કોલેજ એટલે પીત્તળનો ઘંટ અને મસ્ટરમાં સહી અને દિવસ સમાપ્ત. એમને એમ દિવસો મહિનાઓ, વર્ષો સમાપ્ત !! અને જીવન પણ સમાપ્ત ??

ભણાવનારો ભણાવે છે ખરો ? ભણે છે ખરો ? સેમિનારનો અર્થ સર્ટિફિકેટ કે બીજું કંઈ ? આ અને આવા પ્રશ્નો હજી વધારે પૂછી શકાય. પ્રશ્નો પૂછીને ગૂંચવી પણ શકાય અને ગૂંચને ઉકેલી પણ શકાય. હું માનું છું કે શિક્ષણનું ખરું કામ પ્રશ્નો પૂછવાનું જ માત્ર નથી પરંતુ પ્રશ્નોના ઉત્તરો અને ઉકેલો શોધવાનું છે. થોડા દિવસ અગાઉ એક એસાસિએટ પ્રોફેસર મળ્યા. ચિંતાતુર ચહેરા સાથે મને કહે - 'વૈરાગ્ય આવી જાય તેવું શિક્ષણનું વાતાવરણ છે.' વાત સાચી હોય તો પણ હતાશાને એક ઝાટકે ખંખેરી નવું તાજું સ્ફૂર્તિવાળું શિક્ષણનું વાતાવરણ ઊભું કરવાની આપણાં સૌની સહિયારી જવાબદારી બને છે. હતાશાનો સૂર રેલાવી છટકી જવાથી શિક્ષણનું કે શિક્ષકનું ભલું થવાનું નથી. બુદ્ધિજીવીઓની હતાશા ભારોભાર ચિંતાજનક ગણાય. વિચારો પર ચડેલા હતાશાના કાટને સ્હેજે વિલંબ વગર દૂર કરવો પડશે. અને વિચારને તેના મૂળ રૂપમાં ચકચકિત કરવો પડશે. હતાશા શિક્ષક કયારેય ઊર્જાવાન વિચારવંત નવી પેઢીનું નિર્માણ ન કરી શકે. મૂળભૂત વાત પ્રતિબધ્ધપણાની છે, ક્રિયાશીલતાની છે. વિદ્યાની ઉપાસના આનંદપૂર્વક કરતા જઈએ અને કરાવતા જઈએ. આ અપેક્ષા બહુ મોટી ન કહેવાય અને શિક્ષક પાસેથી મોટી અપેક્ષા રાખવામાં ન આવે તો પછી કોની પાસેથી રખાશે ? આમ થવાથી શિક્ષણનું તંદુરસ્ત વાતાવરણ બંધાશે. શિક્ષણ વધ્યું છે એ વાત ખરી પણ વધતા જતા શિક્ષણની સાથો સાથ ભૂખ, ભય, ભ્રષ્ટાચાર, અનીતિ, પ્રપંચ, ષડ્યંત્ર, નિરાશા, વિસંવાદ પણ પુષ્કળ વધ્યા છે તેનો ઈન્કાર કરી શકીએ તેવી સ્થિતિમાં આપણે નથી. શિક્ષણે સમાજને વીર્યવાન બનાવવાનો છે. એ માટે શિક્ષણમાં જે કલુષિત્તતા જણાય તેને દૂર કરવાની છે. શિક્ષણ વધારેમાં વધારે સમાજાભિમુખ કેવી રીતે બની શકે તે વિશે ય વિચારવું પડશે. કેમકે છેવટે શિક્ષણ સમાજ નિર્માણ માટે છે. આપણે એટલે કે શિક્ષકો - અધ્યાપકોએ ઓજસ્વી નવયુવાનો સમાજને ચરણે ધરવા પડશે. ઉપનિષદકારે લખ્યું છે - 'સ્વાધ્યાય - પ્રવચના ભ્યાં ન પ્રમદીતવ્યમ્' અર્થાત્ સ્વાધ્યાય અને પ્રવચન કરવામાં પ્રમાદ રાખવો જોઈએ નહીં. પ્રમાદી વ્યકિત ન તો પોતાનો વિકાસ કરી શકે છે, ન તો સમાજનો કે રાષ્ટ્રનો વિકાસ કરી શકે છે. નિરાશા અને પ્રમાદીપણાને માથે ઉંચકી ફરનારાઓની સંખ્યા વધતી ચાલી છે તે ચિંતાનો વિષય છે. વિશ્વગુરૂ બનવા ઈચ્છતા દેશના નાગરિકોને આવું પ્રમાદીપણું પોસાય નહીં. શિક્ષણ પ્રત્યે શિક્ષક એકાગ્ર બને અને માનસિકતા કેળવે તો એને શિક્ષણ ભારરૂપ નહીં લાગે પણ સંપત્તિ લાગશે. શિક્ષણ મૂલ્યોનું કેન્દ્રબિંદુ છે અને એનો કમાન્ડ શિક્ષકના હાથમાં છે. શિક્ષક ધારે તો સંવેદન અને ઈચ્છાશકિતના બળે શિક્ષણને યાંત્રિકતાના ખીણમાં પડતું અટકાવી શકે.



તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૧૬

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ઉજવણી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ગુજરાતી વિભાગ ખાતે તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ 'સ્વામી વિવેકાનંદની ૧૫૩મી, જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી. તે અંતર્ગત એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રારંભમાં સવારે ૧૧.૩૦ કલાકે ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓએ વિવેકાનંદ ધ્યાન કેન્દ્ર ખાતે જઈને પુષ્પાન્જલી અર્પણ કરી હતી. તેમા અતિથિ વિશેષ નાયબ કુલસચિવ શ્રી ડૉ. આર.સી. ગઢવી તેમજ ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક ડૉ. ભરત ઠાકોર તેમજ ડૉ. પન્નાબહેન ત્રિવેદી અને ડૉ. નરેશ શુકલ ઉપસ્થિત રહ્યા હતા. તેની સાથો સાથ ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ત્યારબાદ ગુજરાતી વિભાગમાં અતિથિ વિશેસ તરીકે પધારેલ યુનિવર્સિટીના નાયબ કુલસચિવ શ્રી ડૉ. આર.સી. ગઢવી સાહેબનું પુષ્પગુચ્છથી સ્વાગત ડૉ. પન્નાબહેન ત્રિવેદીએ કર્યું અને ડૉ. નરેશ શુકલએ તેમને 'યુગપુરુષ' નામનો ગ્રંથ સ્મૃતિ ભેટ તરીકે આપ્યો હતો.






કાર્યક્રમની ભૂમિકામાં ડૉ. ભરત ઠાકોરે સ્વામી વિવેકાનંદનાં ગુજરાત ભ્રમણ અને ગુજરાતી ભાષા સાહિત્ય સાથેના સંદર્ભો વિશેની વાત જણાવી હતી. તો ડૉ. આર.સી. ગઢવીએ પોતાના ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતાં જણાવ્યું હતું કે, 'સ્વામી વિવેકાનંદજી આદર્શો અને વિચારો યુવાઓએ જીવનમાં ઉતારવા સરળ છે અને આવશ્યક પણ છે. તેની સાથે તેમણે લીંબડી અને ગોંડલ જેવા નગરમાં સંસ્કારની સુવાસ ઓજ પણ પ્રસરી રહી છે તેનો સંદર્ભ વિવેકાનંદજીની કુમાર જશવંતસિંહજી સાથેના પરિચય અને વિચાર વિમર્શ સાથેનો અનુભંધ છે તેમ કહયું હતું.' ડૉ. નરેશ શુકલએ પણ સ્વામીજીના જીવન પ્રસંગો વિશે વાત કરી જણાવ્યું હતું કે, 'સ્વામીજીએ વિદ્યાર્થિનીઓ પાસેથી પણ ઘણી અપેક્ષાઓ રાખી હતી, તેને સાકાર કરવા વિદ્યાર્થિનીઓ પ્રતિબધ્ધ થાય એવી આશા વ્યકત કરી હતી'.

ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદજીના વિચારો અને આદર્શોને પ્રગટ કરતા ગદ્યખંડોનું પઠન કર્યું હતું. કાર્યક્રમના અંતમાં ૪૩માં યુવક મહોત્સવમાં જેમણે ગુજરાતી વિભાગનું પ્રતિનિધિત્વ કર્યું હતું તેમા કાર્તિક મકવાણા, પાયલ ચૌધરી અને તબસ્સુમ શેખનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કુ. પાયલ ચૌધરી અને અમિતા પંચાલે કર્યું હતું અને અંતમાં કાર્યક્રમની આભારવિધિ ડૉ. ભરત ઠાકોરે કરી હતી.

## એવોર્ડ



ઈન્ટરનેશનલ સાયન્સ કોંગ્રેસ એસોસીયેશન દ્વારા નેપાળ કેમીકલ સોસાયટી તથા ત્રિભુવન યુનિવર્સિટીના સેન્ટ્રલ ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી સહયોગઝી ત્રિભુવન યુનિવર્સિટી કાઠમંડુ, નેપાળ ખાતે તા. ૮ અને ૯ ડિસેમ્બર ૨૦૧૫ ના રોજ પાંચમી આંતરરાષ્ટ્રીય સાયન્સ કોંગ્રેસનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં યુનિવર્સિટીના ગ્રંથારાય અને માહિતી વિજ્ઞાનના પ્રા. શ્રી જિતેન્દ્ર એમ. અગ્રવાલે ભાગ લઈ પોતાના વિષય "Mobile Technology : Use pf Information and Communication Technology (ICT) in Library Services" પર પોસ્ટર પ્રેઝન્ટેશન કર્યું હતું. જેમાં પ્રા. અગ્રવાલને બેસ્ટ પોસ્ટર પ્રેઝન્ટેશન અંતર્ગત "ઈન્ટરનેશનલ યંગ સાયન્ટિસ" એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતો. અભિનંદન.

## અહેવાલ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં તા. ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ ભારતના ખ્યાતનામ ધારાશાસ્ત્રી, રાજનીતિસ અને ગુજરાતી સાહિત્યના ઉમદા સાહિત્યકાર શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીના ૧૨૯માં જન્મદિન નિમિત્તે 'શ્રી ક.મા. મુનશી અધ્યયન પ્રકલ્પ એકમ ચેર'ના ઉપક્રમે રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર યોજવામાં આવ્યો હતો.

ગુજરાતી વિભાગના વડા ડૉ. જગદીશ ગૂર્જરના અધ્યક્ષપદે, સંવાહક ડૉ. જશુ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સેમિનારની ઉદ્‌ઘાટન બેઠક સવારે ૧૦.૦૦ કલાકે પ્રાર્થનાથી થઈ. ગુજરાતી વિભાગની ભૂતપૂર્વ વિદ્યાર્થિની આશા વસાવાએ પ્રાર્થના રજૂ કરી હતી. દીપ પ્રાગટ્ય અને ડૉ. જગદીશ ગૂર્જરના આવકાર સંબોધનથી કાર્યક્રમ શરૂ થયો. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર પણ ઉદ્‌ઘાટન બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતાં.

ડૉ. સતીશ વ્યાસે બીજ વકતવ્ય આપતાં અસ્મિતાનો ઉદ્‌ઘાતા શ્રી ક.મા. મુનશી, મુનશીના સાહિત્યમાં સમાજ અને મુનશીના કળા અંગેના ખ્યાલો વિશે રસપ્રદ રજુઆત કરી હતી. પ્રથમ બેઠકમાં ડૉ. શરીફા વીજળીવાળાનાં સંચાલન હેઠળ ડૉ. હસિત મહેતાએ 'મુનશીની નવલકથાઓમાં સમાજ' વિષય અંતર્ગત વકતવ્ય આપતાં જણાવ્યું હતું કે, "ગુજરાતી સાહિત્યમાં શુદ્ર સાહિત્યતત્વની વાત સૌ પ્રથમ મુનશીએ કરી હતી. મુનશીની નવલકથાઓ મોટે ભાગે આત્મકથનાત્મક શૈલીની છે."

ભોજન વિરામ બાદ દ્વિતીય બેઠકમાં ડો. ભરત ઠાકોરાનાં સંચાલન હેઠળ ડૉ. મીનળ દવેએ 'મુનશી આત્મકથામાં સમાજ' વિષય ઉપર વાત કરતાં જણાવ્યું હતું કે, "મુનશીએ પોતાની આત્મકથાઓમાં ભરૂચના ભાર્ગવ સમાજની, રાજકીય સંઘર્ષની, બાળલગ્નની વાત કરી છે. મુનશીનાં સાહિત્યમાં અંદાલત, રાજકારણ અને સાહિત્ય એમ ત્રણેય જગત જોવા મળે છે."

તૃતીય બેઠકમાં ડૉ. નરેશ શુકલના સંચાલન હેઠળ ડૉ. મહેન્દ્રસિંહ પરમારે 'મુનશીનાં નાટકોમાં સમાજ' વિષય ઉપર વકતવ્ય આપતા જણાવ્યું હતું કે "મુનશીના નાટકોમાં મુંબઈ શહેર કેન્દ્રસ્થાને રહયું છે. ભાષા વૈવિધ્ય અને સમાજના પૂર્વગ્રહો, વલણો અને ખ્યાલોને પણ મુનશી દર્શાવતાં રહ્યા છે." એમણે જણાવ્યું હતું કે, "મુનશી પોતાના નાટકોનાં પાત્રો મોટેભાગે સમાજમાથી જ લેતા રહ્યા છે."

કાર્યક્રમ દરમ્યાન દરેક બેઠકને અંતે વિષયાનુસાર શોધપત્રોનાં વાચનનો ઉપક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં એમ.ફિલ., પીએચ.ડી.નાં વિદ્યાર્થીઓ, અધ્યાપકોએ મુનશીના સાહિત્યમાં સમાજદર્શન પ્રસ્તુત કરતા શોધપત્રો રજૂ કર્યા હતાં.

સમાપન બેઠકનું સંચાલન ડૉ. પન્ના ત્રિવેદીએ સંભાળ્યું હતું. મહાનુભાવો તેમજ કાર્યક્રમને સફળ બનાવવા માટે નામી અનામી સૌનો આભાર વ્યકત કર્યો હતો. આ રાષ્ટ્રીય પરિસંવાદમાં એકસો પાંચ જેટલા અધ્યાપકો, રીસર્ચ સ્કોલર અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાષ્ટ્રગીતના ગાન બાદ પરિસંવાદની પૂર્ણાહુતિ થઈ હતી.

### સેમિનાર

તા. ૨-૧-૧૬ના રોજ 'ગુજરાતી ભવન' ખાતે ગદ્યખંડનું આયોજન કરવામાં આવ્યું હતું. ગદ્યસભામાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના ગદ્યખંડનું પઠન કર્યું. એકાંકીના એક દ્રશ્યનું નાટયાત્મક પઠન કર્યું હતું. પ્રો. ભરત ઠાકોર અને ડૉ. નરેશ શુકલએ પણ પઠન અને પ્રસ્તુતી વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતું પઠન રજૂ કર્યું હતું. દર મહિને પદ્યસભા અને ગદ્યસભાનું આયોજન કરવામાં આવે છે.

### સ્પર્ધા



૨૫ યુનિવર્સિટી ઓફ મુંબઈ, મુંબઈ મુકામે આંતર યુનિવર્સિટી કબડ્ડી(બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ મા.ઈ.ચા. કુલસચિવશ્રી એ.વી. ઘડૂકના પ્રમુખપદે તથા બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષપદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને શ્રી મદનસિંહ ઠાકોરે કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે કુ. મનીષા ચૌધરીએ સેવા આપી છે. કબડ્ડી(બહેનો)ની ટીમઃ ૧) કુ. ગામીત સરીતા બી., ૨) કુ. ચૌધરી પ્રિયંકા બી., ૩) કુ. ગામીત રોશની એમ., ૪) કુ. ગામીત અમીના ઝેડ., ૫) કુ. પદવી પ્રતિમા પી., ૬) કુ. ચૌધરી રીટા એ., ૭) કુ. પટેલ તન્વી એસ., ૮) કુ. રબારી સેજલ વી., ૯) કુ. ગામીદત રીકિંતા એલ., ૧૦) કુ. સિંગ નમ્રતા ડી., ૧૧) કુ. પટેલ વૈશાલી એમ., ૧૨) કુ. વસાવા સુરકી એન.

## કૉલેજ ન્યૂઝ

### ગૌરવ

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા, સુરત દ્વારા ગીતા જયંતિ નિમિત્તે તા. ૨૧-૧૨-૧૫ને સોમવારના રોજ આંતરકોલેજ વકતૃત્વ તથા સંસ્કૃત શ્લોકગાન/પઠન સ્પર્ધાનું આયોજન થયું હતું. વકતૃત્વ સ્પર્ધામાં કુલ ૧૨ સ્પર્ધકો પૈકી અમારી કોલેજના જી.એસ. પટેલ ચાંદની આર. પ્રથમ ક્રમાંકે વિજેતા થયાં હતાં. એવી જ રીતે આંતર કોલેજ સંસ્કૃત શ્લોકગાન/પઠન સ્પર્ધામાં કુલ ૯ સ્પર્ધકો પૈકી તાલીમાર્થી ટીમ્મર રિંકલ ડી. દ્વિતીય ક્રમાંકે વિજેતા થયા હતા. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ તથા સમગ્ર કોલેજ પરિવારે બંને બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

### વાર્તાલાપ

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે "મને ગમતું પુસ્તક" વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. સારાં પુસ્તકોનું વાંચન તેના સર્જકો અને મહાન વિભૂતિઓની સ્મૃતિ તાજી કરાવે છે. માબાપ હંમેશા સ્નેહ, વાત્સલ્ય અને પ્રેરણા આપે છે. જયારે પુસ્તકો તો આંખો અને પાંખો બંને આપે છે. ઉત્તમ પુસ્તકો વ્યકિતનો અદ્‌ભૂત મિત્ર અને સમજદાર માર્ગદર્શક હોય છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં લાડ મેહુલ ડી., ટી.વાય.બીકોમએ શિશિર શ્રી વાસ્તવના "સફળતા મેળવવાની આઠ શકિતઓ" પુસ્તક પર, પટેલ હેતલ,

ટી.વાય.બીકોમએ શિવખેડાના "જીત તમારી" પુસ્તક પર, દેસાઈ ભૂમિક એ., ટી.વાય.બીકોમએ પ્રવીણ લહેરીના "સ્મરણ સરદારનું" પુસ્તક પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કોલેજના પ્રાધ્યાપિકા યોગીનીબેન મિસ્ત્રીએ પાંડુરંગ વૈજનાથ આઠવેલના "ઈશાવાસ્યમ્" પુસ્તક પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કોલેજના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન તથા આભારવિધિ ગ્રંથપાલ શ્રી આર.એમ. પટેલે કરી હતી.

## ઉજવણી

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં ૨૨મી ડિસેમ્બરે ભારતના મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની જન્મ જયંતિને ગણિત દિવસ તરીકે વૈવિધ્યસભર રીતે ઉજવવામાં આવી. આજની આધુનિક જીવન શૈલીને લઈને સમાજના દરેક વર્ગ માટે ગણિતનો ઉપયોગ અનિવાર્ય બન્યો છે ત્યારે તમામ તાલીમાર્થીઓ ગણિતનું મહત્વ સમજે તે માટે ગણિત દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. કિન્નરીબેન પટેલે જીવનમાં ગણિતની ઉપયોગીતા તથા વૈદિક ગણિતશાસ્ત્ર વિશે સમજ આપી હતી. ત્યાર બાદ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા રામાનુજનના જીવન, તેમના કાર્ય અને તેમણે કરેલી શોધો વિશે, ગણિતનું કાવ્ય, ભજન, ગઝલ તથા ગીત, ગણિત ગમ્મતની રમતો, કોયડાઓ, ગણિત વિશેની પ્રશ્નોત્તરી વગેરે રજૂ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચૌધરી પીનલબેન અને આભારવિધિ ડુમસીયા ભૂમિકાબેને કરી હતી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં તાલીમાર્થીઓમાં એઈડ્સ જેવા ભયાનક રોગ વિશેની જાગૃતતા આવે તે માટે અને ૧લી ડિસેમ્બર વિશ્વભરમાં એઈડ્સ દિવસ તરીકે ઉજવાતો હોવાથી આ દિવસે રેડ રિબન કલબ અંતર્ગત એક રેલીનું આયોજન કોલેજના આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ વિજ્ઞાન વિષયના અધ્યાપક પ્રા. જયેશભાઈ સોલંકીએ એઈડ્સ અંતર્ગત વકતવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ રાજમાર્ગ ઉપર એઈડ્સને લગતા બેનરો લઈને તાલીમાર્થીઓની રેલી કાઢવામાં આવી હતી. વિશ્વમાં અજગર ભરડો લઈ રહેલ એઈડ્સ જેવા ભયંકર રોગ અને તેને કારણે ઉદ્‌ભવેલ અનેક સામાજિક સમસ્યાઓ અંગે સમાજમાં જાગૃતિ આવે એવા શુભ આશયથી આ રેલી યોજવામાં આવી હતી. રેલીમાં સૌ અધ્યાપકોએ પણ જોડાઈને સાચા અર્થમાં રેલી સફળ બનાવી હતી.

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરાનો વર્ષ ૨૦૧૫-૧૬નો રાષ્ટ્રીય સેવા યોજનાનો (NSS) વાર્ષિક શિબિર ડાંગ સ્વરાજ આશ્રમશાળા સંચાલિત, આશ્રમશાળા કાલિબેલ તા. વઘઈ જિ. ડાંગ મૂકામે તા. ૨૪-૧૨-૧૫ થી તા. ૩૦-૧૨-૧૫ દરમિયાન યોજાયો હતો. આ વાર્ષિક શિબિરનો ઉદ્‌ઘાટન સમારંભ તા. ૨૪-૧૨-૧૫ને ગુરુવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે કોલેજના આચાર્ય શ્રી ડૉ. એમ.એન. વશીના પ્રમુખ પદે યોજાયો હતો અને ઉદ્‌ઘાટક તરીકે ડાંગ સ્વરાજ આશ્રમ શાળાના વ્યવસ્થાપક અને સંચાલકશ્રી ગાંડાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા તેમજ અતિથિવિશેષ તરીકે બી.વી.કે. મંડળના મંત્રીશ્રી મુકેશભાઈ મહેતા સાહેબ, ડાંગ સ્વરાજ આશ્રમશાક્ષનાં મંત્રીશ્રી વનરાજભાઈ નાયક, આશ્રમશાળા કાલીબેલના આચાર્ય શ્રી રમેશભાઈ પટેલ ડાંગ જિલ્લા પંચાયતના સદસ્ય શ્રીમતિ સંમતિ બેન બી. પટેલ તથા વિશ્રામભાઈ પટેલ અને ગામના અગ્રણીઓ અને કાલીબેલ આશ્રમશાળા પરિવાર ઉપસ્થિત રહયો હતો. પ્રોગ્રામ ઓફિસર ગૌતમભાઈ પટેલે NSSની તેમજ વાર્ષિક શિબિરની વિવિધ પ્રવૃત્તિઓથી બધાને માહિતગાર કર્યા હતા. અતિથિવિશેષ શ્રી મુકેશભાઈ મહેતા સાહેબે સમર્પિત ભાવે કાર્ય કરવાની પ્રેરણા પૂરી પાડી હતી. આચાર્યશ્રી રમેશભાઈ પટેલે સંપૂર્ણ સહકાર આપવાની વાત કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.ઉદ્‌ઘાટક શ્રી ગાંડાભાઈ પટેલે સેવાનું અને સ્વચ્છતાનું જણાવી ગાંધી વિચારધારા સાથે પ્રસંગોચિત વકતવ્ય આપ્યું. સમારંભના પ્રમુખશ્રી પ્રિ. ડૉ. એમ.એન. વશી સાહેબે કેમ્પની સફળતા માટેના આશીર્વચન આપ્યા આભાર વિધિ પ્રોગ્રામ ઓફિસર ડી.ઝેડ. સુકાનીએ કરી અને રાષ્ટ્રગાન કરવામાં આવ્યું સમગ્ર સમારંભનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર રંજનબેન દેસાઈએ કર્યું હતું. કેમ્પ દરમિયાન શ્રમકાર્ય, પ્રભાતફેરી, કાલીબેલ ગામનો સર્વે, કાલીબેલ PHC સેન્ટરની મુલાકાત તેમજ ડૉ. કૃતિકાબેન વળવીએ જુદા-જુદા રોગો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા તેમજ સ્ત્રીઓના પ્રશ્નો વિશે વિદ્યાર્થીનીઓ સાથે ચર્ચા કરી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડયુ હતું. પ્રોગ્રામ ઓફિસર શ્રી ગૌતમભાઈ પટેલે વિદ્યાર્થીઓને યોગાસનો કરાવ્યા તેમજ ગામના યોગ શિક્ષક શ્રી પંકજભાઈએ યોગના ફાયદાઓ અને જુદા જુદા યોગાસનો વિદ્યાર્થીઓને શિખવ્યા હતા. કાલીબેલથી પાંચ કિલોમીટરના અંતરે આવેલ ઐતિહાસિક સ્થળે રૂપગઢ, જયાં શિવાજી મહારાજે કિલ્લો અને વાવનું નિર્માણ કરેલ તેનો પરિચય મેળવ્યો અને રૂપગઢનું ટ્રેકિંગ પણ કર્યું, તે સાથે જ પ્રસિધ્ધ માયાદેવી મંદિર ભેંસકાતરીનો પણ પ્રવાસ કર્યો હતો. કેમ્પના પૂર્ણાહુતિ કાર્યક્રમમાં પ્રમુખ તરીકે તાલુકા પંચાયતના સદસ્ય શ્રી સનદભાઈ તથા અતિથિવિશેષ તરીકે ઉ.મા. શાળાના આચાર્ય શ્રી રાકેશભાઈ પટેલ આશ્રમશાળાના આચાર્યશ્રી રમેશભાઈ પટેલ આશ્રમશાળાના શિક્ષક શ્રી અમ્રતભાઈ તેમજ ડૉ. સાવંત હાજર રહ્યા હતાં તેમજ પ્રા. શ્રીમતી અનામિકાબેન દેસાઈ શ્રી મલયભાઈ દેસાઈ હાજર રહ્યા હતા. આ પૂર્ણાહુતી કાર્યક્રમમાં શિબિરાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી, તેમજ આશ્રમશાળાના બાળકોએ પણ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. મહેમાનોએ શિબિરાર્થીઓની પ્રવૃતિને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા દ્વારા સ્વામી વિવેકાનંદની ૫૩મી જન્મજયંતિની અર્થસભર ઉજવણી થઈ. સૌપ્રથમ વિવેકાનંદ લિખિત પુસ્તકોનું પ્રદર્શન તાલીમાર્થીઓએ જોયું હતું. ત્યાર બાદ તે પુસ્તકોનું વાંચન સમગ્ર કોલેજ દ્વારા થયું હતું. કોલેજમાં ૨૦૧૨માં સ્થાપિત વિવેકાનંદ કોર્નર અંગે આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે તાલીમાર્થીઓને માહિતગાર કરી તેનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. ત્યાર બાદ શ્રી રામકૃષ્ણ પરમહંસ, આશ્રમ દ્વારા તૈયાર થયેલ વિવેકાનંદના જીવન-કવન પરની ડોકયુમેન્ટરી ફિલ્મ સમગ્ર કોલેજ પરિવારે નિહાળી હતી. કોલેજના પ્રાધ્યાપિકા શ્રીમતિ રોશનીબેને વિવેકાનંદના શિક્ષણ અંગેના વિચારોને PPT દ્વારા સમજાવ્યાં હતા. કોલેજના આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે તેમજ પ્રાધ્યાપક ડૉ. મનસુખભાઈ પટેલે વિવેકાનંદ અંગેના વિચારો રજુ કરીને તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ત્યાર બાદ કોલેજ દ્વારા ૨૦૧૨-૧૩માં ઉજવાયેલ નાટક વિવેકાનંદનું જીવન-કવન તાલીમાર્થીઓએ માણ્યું હતું. અંતમાં સમગ્ર કાર્યક્રમની આભારવિધિ કોલેજના G.S. કું. ચાંદનીબેને કરી હતી.

## કેમ્પ

સી.એન. કોઠારી હોમિયોપેથિક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર તથા છોટાલાલ વીરચંદ સોલંકી પેરીફરલ ડીસ્પેન્સરીઝ વ્યારા દ્વારા બીગબજાર, જૈનવાડી ઓ.પી.ડી. કાનપુરા, વ્યારા ખાતે તા. ૧૫-૧૨-૧૫ના રોજ સ્વ. ડૉ. માર્કંડભાઈ ભટ્ટની જન્મજયંતિ નિમિત્તે

વિના મૂલ્યે હોમિયોપેથિક નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. હોમિયોપેથિકના નિષ્ણાંત ડૉ. મહાવીર ધીયા એ મોટી સંખ્યામાં જરૂરીયાતમંદ દર્દીઓને સારી રીતે તપાસ્યા હતા. દર્દીઓને બિમારી મુજબ હોમિયોપેથીક દવા મફત આપી હતી. આ કેમ્પનું ઉદ્‌ઘાટન ડૉ. માર્કંડભાઈ ભટ્ટના જયેષ્ઠબંધુ અને સંસ્થાના ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ ભટ્ટે કર્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. જયોતિ રાવ, ડૉ. કાલરા અને ડૉ. મહાવીર ધીયા ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પનું આયોજન પ્રિન્સીપાલ ડૉ. જયોતિ રાવના માર્ગદર્શન હેઠળ કેમ્પસ એડમીનીસ્ટ્રેટર શ્રી દક્ષેશભાઈ શા, ડૉ. પિયુશ ગુજરાતી તથા શ્રી શૈલેષભાઈ દેસાઈએ સફળતાપૂર્વક કર્યું હતું. આ કેમ્પમાં ઈન્ટર્ની વિદ્યાર્થીઓએ સક્રિય સહયોગ આપ્યો હતો. કેમ્પના સ્થળે સોમવાર થી શનિવાર હોમિયોપેથિક ઓ.પી.ડી. નિયમિત સવારે ૯.૦૦ થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી કાર્યરત હોય મોટી સંખ્યામાં દર્દીઓએ આ સુવિધાનો લાભ લેવા આયોજકો તરફથી જણાવવામાં આવ્યું.

## આયોજન

આ તા. ૨૦-૧૨-૧૫ના રોજ સી.ડી. પચ્ચીગર હોમિયોપેથિક મેડીકલ કોલેજમાં Case Presentation સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેને ૬ ટીમમાં વહેંચી દેવામાં આવેલ હતી. વિદ્યાર્થીઓએ કેસનું ઓડિયો-વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન કરી વિસ્તૃત છણાવટ કરી હતી. સ્પર્ધાને અંતે ટીમ M.L. Tyler ને પ્રથમ ક્રમ, N.M. Chaudhari ને દ્વિતીય ક્રમ અને Boger ને તૃતીય ક્રમ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમમાં જજ તરીકે ડૉ. સુચેતા પંડીત, ડૉ. સમીર ઉપાધ્યાય અને ડૉ. શ્રીરંગ વ્યાસે સેવા આપી હતી. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ટ્રસ્ટના ચેરમેન ડૉ. દશરથભાઈ પચ્ચીગરે કર્યું હતું. ટ્રસ્ટના સેક્રેટરી શ્રી સમીરભાઈ પચ્ચીગર અને હોમિયોથિકના મહાનુભાવ ડૉ. મયુર તોલાટે વિશેષ હાજરી આપી હતી. કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. વિપુલ શાસ્ત્રી, મનીષ ડોકટર અને ડૉ. અશફાક સૂબેદારે કર્યું હતું. સંચાલન ડૉ. હેમાલી શાહે કર્યું હતું.

આ શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, ઘોડ દોડ રોડ, સુરતમાં તા. ૧૯-૧૨-૧૫ને શનિવારના રોજ ગ્રિટિંગ કાર્ડ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સર્વ તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. પ્રા. પ્રિયંકાબેન પટેલે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. ઈ.આ. શ્રી કમલેશભાઈ ડામોરે દરેકને શુભેચ્છા પાઠવી હતી.

આ બીલીમોરા વિભાગ કેઠવણી મંડળ, સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં ભાવિ શિક્ષકો ભારતીય સંસ્કૃતિના વારસાને જાણે, સમજે, સંવર્ધન કરે એ હેતુથી ગાયત્રી વિદ્યાપીઠ, હરિદ્વાર દ્વારા આયોજિત "ભારતીય સંસ્કૃતિ" પરીક્ષાનું આયોજન તા. ૧૨-૧૨-૧૫ને શનિવારના રોજ થયું હતું. જેમાં સંસ્થાના કુલ ૧૬ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. સમગ્ર પરીક્ષાનું આયોજન અને નિરીક્ષણ સંસ્થાના અધ્યાપક ડૉ. વિનયભાઈ પટેલ દ્વારા થયું હતું. આ જ રીતે સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ દેવભાષા સંસ્કૃતમાં બોલી, લખી, વાંચી અને સમજી શકે એ હેતુથી સંસ્કૃતભાષા, ગુજરાત દ્વારા આયોજિત કુલ ૪ પ્રવાહિકા એમ બે પરીક્ષાઓ ગતવર્ષના કુલ ૨૮ વિદ્યાર્થીઓએ આપી હતી. આ પરીક્ષાઓનું આયોજન તા. ૧૯-૧૨-૧૫ના રોજ થયું હતું. ડૉ. વિનયભાઈ પટેલે આ પરીક્ષા માટેની પૂર્વતૈયારી 'સંસ્કૃત સંભાષણ'ના વર્ગ દરમિયાન કરાવી હતી તથા સમગ્ર પરીક્ષાનું આયોજન પણ એમના જ માર્ગદર્શન હેઠળ કરાયું હતું. આ પરીક્ષાઓમાં સંસ્કૃત વિષય સિવાયના ૧૨ વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. ઉપર્યુકત બંને પરીક્ષા બાબતે સંસ્થાના સુકાની ડૉ. કિશોરભાઈ નાયકે ખાસ રસ લઈ બંને પરીક્ષાઓ સંદર્ભે જરૂરી ભૂમિકા પૂરી પાડી હતી. તા. ૧૪-૧૨-૧૫ને સોમવારના રોજ સંસ્થાના સુકાની ડૉ. કિશોરભાઈ નાયકે સ્પર્ધાનું મહત્ત્વ સમજાવ્યું હતું. ત્રિવિધ સ્પર્ધામાં વકતૃત્વ, સંસ્કૃત શ્લોક ગાન/પઠન અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. વકતૃત્વ સ્પર્ધાનો વિષય 'માનવધર્મનો આધાર ગીતા' હતો. જેમાં કુલ ૯ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે પટેલ ચાંદની આર., દ્વિતીય ક્રમ પ્રજાપતિ શિલ્પા એન. અને તૃતીય ક્રમે ચૌહાણ ભાવિની જે. વિજેતા ઘોષિત થયા હતા. નિબંધ સ્પર્ધાના ત્રણ વિષયો હતા. ૧) માનવ જીવનનો આધાર ગીતા ૨) ગીતા ચિંતન દ્વારા વૈશ્વિક સમસ્યાઓનું સમાધાન ૩) ગીતા અને વર્તમાન રાજકારણ. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ટંડેલ ટ્વિંકલ એન., દ્વિતીય ક્રમ ધરિયા ઉર્વશી કે., તૃતીય ક્રમે આહિર પ્રિયંકા એસ. વિજેતા ઘોષિત થયા હતા. નિબંધ સ્પર્ધામાં કુલ ૧૩ તાલીમર્થીઓએ ભાગ લીધો હતો. ત્રિવિધ સ્પર્ધામાં તાલીમાર્થીઓનો ઉત્સાહ સારો જોવા મળ્યો હતો. સ્પર્ધાના અંતે સંસ્થાના સુકાની ડૉ. કિશોરભાઈ નાયકે વિવિધ પ્રવૃત્તિઓનું મહત્ત્વ સમજાવ્યું હતું. સમગ્ર સ્પર્ધાઓનું આયોજન ડૉ. વિનયભાઈ પટેલે કર્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સંસ્થાના અધ્યાપક ડૉ. મનસુખભાઈ પટેલ, ડૉ. વિનયભાઈ પટેલ અને ડૉ. નમ્રતાબેન પટેલે ભૂમિકા પૂરી પાડી હતી.

## વર્કશોપ



વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરાના ગણિતશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૨-૧૨-૧૫ થી ૪-૧૨-૧૫ દરમ્યાન IQAC (NAAC) પ્રેરિત અને 'GUJCOST' (ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર) અનુદાનિત ત્રિદિવસીય વર્કશોપ (કાર્યશિબિર) 'Models in Mathematics'નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આંશિક રીતે કોલેજકક્ષાએ અને ધોરણ ૮ થી ૧૨ આવતા ગણિતના નિત્યસમોના (Identities) ભૌમિતીક અર્થઘટન વિશે રસપ્રદ માહિતી વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સેન્ટર, અમદાવાદના સુ.શ્રી. નીલમ મિશ્રા, શ્રીમતી સ્મૃતિબેન બૂચ અને લતાબેન તોરવી દ્વારા આપવામાં આવી હતી અને તેના ગાણિતિક મોડેલો બનાવવામાં આવ્યા હતા. આ શિબિરમાં બીલીમોરાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ગણિત વિષયના શિક્ષકો, વી.એસ. પટેલના ગણિતશાસ્ત્રના ટી.વાય.બી.એસસીના વિદ્યાર્થીઓ અને દક્ષિણ ગુજરાત યુનિ. સંલગ્ન વિજ્ઞાન કોલેજો અને બી.એડ્. કોલેજના ગણિતશાસ્ત્રના અધ્યાપકોએ ભાગ લીધો હતો આ વર્કશોપના આયોજનમાં બી.વી. કે મંડળ અને કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ.એન. વશીએ પ્રેરકબળ પૂરુ પાડયું હતું તથા બી.વી. કે મંડળના સેક્રેટરી શ્રી મુકેશભાઈ મહેતા, કોલેજના પૂર્વ આચાર્ય અને ગણિતશાસ્ત્રના પૂર્વ અધ્યક્ષ પ્રા. ડી.બી. ભાવસાર, કોલેજના પૂર્વ આચાર્ય જી.સી. પટેલ, બી.કે.એમ સાયન્સ કોલેજના ગણિતશાસ્ત્રના પૂર્વ અધ્યક્ષ પ્રા. રણજીતભાઈ દેસાઈ, વલસાડના ડૉ. સેજુદ્દીન શેખે કાર્યશિબિરમાં હાજરી આપી આશીર્વચન પાઠવ્યા હતા અને

શિબિરાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યશિબિરનું સફળ સંચાલન કાર્યશિબિરના કો-ઓર્ડિનેટર ગણિતશાસ્ત્ર વિભાગના વડા પ્રા. વિજયભાઈ એસ. મહેતાએ કર્યું હતું. આ વર્કશોપના આયોજન અને સંચાલનમાં કોલેજના આધ્યાપકો ડૉ. સબીહાબેન શેખ, પ્રા. એ.આર. બજાજ, પ્રા. દીપેશભાઈ પટેલ, ડૉ. કમલેશભાઈ પ્રજાપતિ, ડૉ. આસિતભાઈ દેસાઈ, ડૉ. બી.એચ. દેવતા, ડૉ. રીતેશભાઈ નાયક અને પ્રા. દિવ્યાબેન પટેલે સાથ અને સહકાર આપ્યો હતો.

## સેમિનાર


બી.જે. પટેલ કોલજ ઓફ એજ્યુકેશન અને લાયન્સ-લાયોનેસ કલબ, બારડોલીના સંયુકત ઉપક્રમે કોલેજમાં કાર્યરત વુમનસેલ અંતર્ગત કન્યા કેળવણી અને સ્ત્રીભૃણ હત્યા વિષયને કેન્દ્રમાં રાખીને એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત બાળકીને વધામણા આપતી સુંદર પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ કોલેજનાં આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે સૌ મહેમાનોને આવકાર આપ્યો હતો અને જણાવ્યું હતું કે જો સ્ત્રી સંસ્કારી અને શિક્ષિત હોય તો સમાજ પ્રગતિ સાધી શકે છે. સ્ત્રીભૃણ હત્યા એ આપણા દેશની અતિવિકટ સમસ્યા છે જેને દૂર કરવા આવા સેમિનારો થવા જ જોઈએ. ત્યારબાદ જિલ્લા લાયોનેસ પ્રમુખ શ્રીમતી કરુણાબેન ચૌહાણે પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યું હતું. સેમિનારના મુખ્ય વક્તા અને બારડોલીની જનતા હોસ્પિટલના ગાઈનેકોલોજીસ્ટ ડૉ. ઉર્વીબેન દેસાઈએ કન્યા કેળવણી અને સ્ત્રીભૃણ હત્યા વિશે એમના વકતવ્યમાં જણાવ્યું કે સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન ન બને અને સમાજમાં દીકરીઓનું પ્રમાણ ન ઘટે તે માટેનાં પગલાં લેવા જોઈએ. ઉપરાંત બહેનોએ શિક્ષિત બનવાની સાથે પોતાના શરીર માટે પણ સજાગ રહેવું જોઈએ. હાલમાં વકરી રહેલા કેન્સરનો ભોગ મહિલાઓ ન બને તે માટે જરૂરી નિદાન કરાવવા ઉપર પણ ભાર મૂકયો હતો. આ સેમિનારમાં લાયન્સ-લાયોનેસ કલબના પ્રમુખશ્રી જીતેન્દ્ર ચૌહાણ, શ્રીમતી બસંતીબેન ગોયલ, ભૂતપૂર્વ જિલ્લા પ્રમુખ રીટાબેન જોષી, સેક્રેટરી કોકિલાબેન ચૌહાણ, જયશ્રીબેન શેઠ, જયાબેન સાપરીયા તેમજ અન્ય હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. મીનાબેન પરમારે તથા આભારવિધિ પ્રા. પલ્લવીબેન પટેલે કરી હતી.

તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત સત્યમ્ કોલેજ ઓફ એજયુકેશન, મહિલા બી.એડ્. કોલેજ, ભરૂચ તથા કાઉન્સિલ ફોર ટીચર એજયુકેશન, ગુજરાત ચેપ્ટર (CTEG)ના સંયુકત ઉપક્રમે "VISION EDUCATION 2025" વિષય પર રાષ્ટ્રીય કક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. સેમિનારનું ઉદ્‌ઘાટન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના વાઈસ ચાન્સેલર ડૉ. દક્ષેશ ઠાકર દ્વારા કરવામાં આવશે તથા અતિથિ વિશેષ તરીકે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, બરોડા સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન અને સાયકોલોજીના ડીન પ્રો. આર.જી. કોઠારી રહેશે. સેમિનારનું આયોજન તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ 'તપોવન સંકુલ' ભરૂચમાં કરવામાં આવેલ છે. વિવિધ વિભાગોના તાલીમાર્થી સંશોધકો તથા અધ્યાપકો કે જેઓ રીસર્ચ પેપર રજૂ કરવા માંગતા હોય તેઓએ વધુ વિગત માટે સંસ્થાની વેબસાઈટ www.tapovanbharuch.org તથા www.ctegujarat.org પરથી મેળવી લેવી.

## સ્પર્ધા



વલસાડ સ્થિત શાહ એન.એચ. કોમર્સ કોલેજમાં ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતા શ્રી અંકિત પટેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા પસંદગી પ્રક્રિયામાંથી શ્રેષ્ઠ ક્રિકેટરોમાં પસંદગી પામી આંતર યુનિવર્સિટી ક્રિકેટ સ્પર્ધા રમવા માટે ઉત્તરપ્રદેશ મુકામઅ જનાર છે. કોલેજનું નામ ઉજાગર કરનાર શ્રી અંકિત પટેલને કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક, સંચાલક મંડળ તેમજ સમગ્ર સ્ટાફ પરિવાર અભિનંદન પાઠવે છે. અને અગાઉની સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવે છે. શ્રી અંકિત પટેલને કોલેજના જીમખાના કમિટિના ચેરમેન શ્રી મુકેશભાઈ પટેલ દ્વારા કોચીંગ આપવામાં આવ્યું છે.





વલસાડ સ્થિત શાહ એન.એચ. કોમર્સ કોલેજના એન.સી.સી. કેડેટસ નંદકિશોર પટેલ અને શ્રી બન્ટીસીંગ સરદાર રાષ્ટ્રીય કક્ષાના પ્રજાસત્તાક દિન પરેડ ૨૦૧૬ના કેમ્પમાં પસંદગી પામી ન્યુ દિલ્હી મુકામે રાજપથ ઉપર પરેડમાં એક મહિના માટે કેમ્પમાં એન.સી.સી. ગુજરાત ડાયરેકટરેટ વતી ભાગ લેવા માટે પસંદગી પામ્યા છે. વલસાડ કોમર્સ કોલેજનું રાષ્ટ્રીય કક્ષાએ નામ રોશન કરનાર એન.સી.સી. કેડેટસને આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક, કોલેજ સંચાલક મંડળ અને કોલેજ સ્ટાફ પરિવાર અભિનંદન પાઠવે છે. રાષ્ટ્રીય કક્ષાની ઈવેન્ટ માટે એકસાથે એન.સી.સી. ના બે વિદ્યાર્થીઓની પસંદગી થતાં વિદ્યાર્થી આલમમાં ખુશીની લહેર પ્રસરી ગઈ છે. કેડેટને જરૂરી માર્ગદર્શન એન.સી.સી. ઓફિસર લે. મુકેશભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું.





વલસાડ સ્થિત શાહ એન.એચ. કોમર્સ કોલેજ ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતા શ્રી સંદિપ જાંગીડ અને એફ.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતી કુ. હીના અન્સારીની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી હોકી ભાઈઓ અને બહેનોની ટીમમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી આંતર યુનિવર્સિટી હોકી સ્પર્ધા માટે પસંદગી પામી ઉદયપુર અને જબલપુર મુકામે ભાગ લેવા જનાર છે. કોલેજનું નામ યુનિવર્સિટી કક્ષાએ રોશન કરનાર શ્રી સંદીપ જાંગીડ અને કુ. હીના અન્સારીને કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક, સંચાલક મંડળ તેમજ સમગ્ર સ્ટાફ પરિવાર અભિનંદન પાઠવે છે. વિદ્યાર્થીઓને હોકીની તાલીમ શારિરીક શિક્ષણના વ્યાખ્યાતા પ્રા. મુકેશભાઈ પટેલ દ્વારા આપવામાં આવી હતી.

ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.કોમ. / બી.બી.એ. / બી.સી.એ. કોલેજમાં સોમવાર તા. ૪-૧-૧૬ના દિવસે ગુજરાતી ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. કલ્પેશભાઈ કંસારાએ સેવા આપી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભોજાવાલા આયુષી, દ્વિતીય ક્રમે વાઘેલા પારસ અને તૃતય ક્રમે ધાનેચા કિશન વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં કોલેજ સ્ટાફના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓનો સહકાર મળ્યો હતો. ઈ.આચાર્ય ડૉ. મેહુલ પી, દેસાઈએ તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ની ફુટબોલ ટીમમાં નવયુગ કોમર્સ કોલેજમાંથી કુલ નવ ખેલાડીઓ પસંદગી પામી કોલેજનું ગૌરવ વધાર્યું છે. કોલેજના આચાર્ય શ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ જીમખાના ચેરમેન શ્રી ડૉ. રાજેશભાઈ નાયક તથા શારિરીક શિક્ષણના વ્યાખ્યાતા પ્રા. સી.કે. અસારિયા તેમજ કોલેજ પરિવારે તમામ પસંદગી પામેલ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ફુટબોલ ટીમમાં કોલેજના વિદ્યાર્થીઓ ૧) પટેલ તેજસ ડી., ૨) કુરેશી મંજુરઅલી એલ., ૩) સૈયદ મો. સોએબ., ૪) તાંતવાલા ઉસ્માન ગની, ૫) પટેલ અબ્દુલ કાદિર, ૬) અન્સારી મુનાફ, ૭) શૈલર જૈમીન એન., ૮) શેખ અરબાઝ એમ. અને ૯) પઠાન અરબાઝખાન પસંદગી પામ્યા હતા. આ ખેલાડીઓને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.



ઈન્ટર કોલેજ વેઈટલિફ્ટીંગ પાવર લિફ્ટીંગ અને બેસ્ટફિજીકસ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજના ખેલાડી પાનવાલા મો. અરસદએ ૮૫ કિ.ગ્રા. ગ્રુપમાં બેસ્ટફિજીકસ સ્પર્ધામાં સિલ્વર મેડલ, પટેલ સમર્થએ ૭૦ કિ.ગ્રા. ગ્રુપમાં બ્રોન્ઝ મેડલ અને વેઈટલીફ્ટીંગ ૬૯ કિ.ગ્રા. ગ્રુપમાં બ્રોન્ઝ મેડલ, પટેલ સમર્થ પાવર લિફ્ટીંગમાં ૬૬ કે.જી. ગ્રુપમાં ગોલ્ડ મેડલ તેમજ પાનવાલા મો.અરસદએ ૮૩ કિ.ગ્રા. ગ્રુપમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. જયારે શેખ મોહિબએ પાવર લિફ્ટીંગ ૫૯ કે.જી. ગ્રુપમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. કોલેજના આચાર્ય શ્રી ડૉ. વિનોદભાઈ પટેલ તથા શારિરીક શિક્ષણના વ્યાખ્યાતા પ્રા. સી.કે. અસારીયા તેમજ કોલેજ પરિવારે તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજિત રાઈફલ શૂટીંગ આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન વી.એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરા મુકામે થયું હતું. જેમાં કુલ-૨૧ કોલેજના ૧૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કોલેજના ચાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ ૨૦૦માંથી ૧૭૩ પોઈન્ટ મેળવીને જયસ્વાલ શવ એમ. ટી.વાય.બીકોમએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. જયારે સોલા કિરણ આર. ટી.વાય.બીકોમએ ૧૬૬ પોઈન્ટ મેળવીને સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. બેડખલે વિશાલ આર. ટી.વાય.બીકોમએ ૯૬ પોઈન્ટ મેળવીને ટીમને ચેમ્પિયન બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત પાંડે ચંદન જી. એફ.વાય.બીકોમએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કુલ ૬૦૦ માંથી ૪૩૫ પેઈન્ટ મેળવીને કોલેજે ચેમ્પિયનશીપ મેળવી હતી. અમારી કોલેજના બે ખેલાડીઓની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટની રાઈફલ શૂટીંગ ટીમમાં પસંદગી થઈ હતી. કોલેજના આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલી તથા કોલેજ પરિવારે વિજેતા ખેલાડીઓ તેમજ ફિજીકલ ઈન્સ્ટ્રકટર સોનલબેન વસાવાને અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી.




તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંચાલિત દિપજયોતિ કોલેજ ઓફ કોમર્સના પ્રથમ વર્ષ બી.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભંડારી બલરામ નારાયણદત્તાની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પી.આર.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બારડોલી ખાતે આયોજિત ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સિલેકશન સ્પર્ધામાં ફૂટબોલ રમતમાં ઉત્કૃષ્ઠ દેખાવ બદલ નેશનલ કક્ષાએ પસંદગી પામી સંસ્થાનું નામ રોશન કરેલ છે. આ બદલ તપોવન સંસ્કાર કેન્દ્રના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયા, નિયામકશ્રી જાગૃતિબેન પંડયા તથા સંસ્થા પરિવારે નેશનલ લેવલ પરની નિયુકિત બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા. સદર વિદ્યાર્થીને જરૂરી માર્ગદર્શન સંસ્થાના શા. ઈસ્ટ્રકટર શ્રી કરન નિઝામાએ પૂરા પાડયા હતા.



તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંચાલિત દિપજયોતિ કોલેજ ઓફ કોમર્સના પ્રથમ વર્ષ બી.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થી મનોજ મોહને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા નારણલાલા કોલજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સ, નવસારીમાં આયોજિત આંતર કોલેજ સ્પર્ધામાં બેસ્ટ ફીઝીકસ રમત ૭૨ થી ૭૫ કિ.ગ્રા.માં ભાગ લઈ સિલ્વર મેડલ મેળવી સંસ્થાનું નામ રોશન કરેલ છે. આ બદલ તપોવન સંસ્કાર કેન્દ્રના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયા, નિયામકશ્રી જાગૃતિબેન પંડયા તથા સંસ્થા પરિવારે હાર્દિક અભિનંદન પાઠવ્યા. સદર વિદ્યાર્થીને જરૂરી માર્ગદર્શન સંસ્થાના શા. ઈસ્ટ્રકટર શ્રી કરન નિઝામાએ પૂરા પાડયા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વેસ્ટ ઝોન ઓલ ઈન્ડિયા ઈ.યુનિ ટીમનો જબલપુરમાં મધ્યપ્રદેશ જવા માટે કોચીંગ કેમ્પનું આયોજન વી.એસ. પટેલ કોલેજ બીલીમોરામાં કરવામાં આવ્યું. જેમા સમગ્ર યુનિવર્સિટીમાંથી યોગ્ય ખેલાડી બહેનોએ સુંદર પ્રદર્શન કર્યું હતું. સમગ્ર ટીમને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન શ્રી કિરીટસિંહ વાંસદીયાએ તેમજ પ્રિન્સીપાલ ડૉ. એમ.એન. વશીએ શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર ટીમને આહીર દક્ષાએ કોચીંગ આપેલ હતું. મેનેજર તરીકે પ્રા. વિજેશ પટેલ સાથે રહેલ છે અને બોર્ડ ઓફ સ્પોર્ટસના મેમ્બર ડૉ. બી.એચ. દેવતા દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

## પુસ્તક પરિચય




**વહીવટની વાતો**
કુલીનચંદ્ર યાજ્ઞિક
પ્રકાશકઃ શ્રી હસમુખ શાહ, અધ્યક્ષ, દર્શક ઈતિહાસ નિધિ
C/o. ગુજરાત ઈકોલોજી સોસાયટી, સીનર્જી હાઉસ ૧, ત્રીજો માળ, સુભાનપુરા, વડોદરા. ૨૦૧૫. પૃ. ૩૯૨. રૂા. ૪૦૦.

આ પુસ્તક ૧. રાજકોટઃ માહિતી ખાતું, ૨. તાલીમઃ પેટલાદ, ૩. તાલીમઃ રાજકોટ, ૪. રાજકોટ, ૫. કચ્છ, ૬. સેન્સસ, ૭. ડભોઈ, ૮. અમદાવાદ, ૯. ભરૂચ, ૧૦. ડાંગ, ૧૧. વડોદરા, ૧૨. રાજભવન, ૧૩. ઉદ્યોગ, ૧૪. મુખ્યમંત્રીની કચેરી, ૧૫. શિક્ષણ વિભાગ જેવાં પ્રકરણોમાં વિભાજીત છે.

શ્રી યાજ્ઞિક સાહેબ માટે શ્રી જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત શ્રી રઘુવીર ચૌધરી આ પુસ્તકમાં લખે છે કે, ''શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક એટલે નિર્વ્યાજ સાહિત્યપ્રીતિના માણસ. નાગરોના દોષોથી મુકત, ગુણોથી વિભૂષિત. ગુજરાતના વહીવટ અને જાહેર જીવન સાથે એ સાડાચાર દાયકાથી સંકળાયેલા છે. તા. ૨૦-૧૧-૧૯૯૬ની સાંજે નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા ઉજવાતા પુસ્તક સપ્તાહને અંતે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે યોજાયેલા પુસ્તક-પરિચયના કાર્યક્રમમાં પ્રકાશ ન. શાહે કરેલી પ્રશંસા પાછી વાળતાં એમણે કહેલું : મને સરકારી સાહિત્યકારનું બિરુદ મળેલું. પણ પોતે તો સાહિત્યકાર તરીકે અધ્યાહાર થઈ 'સરકારી' રહ્યા હોવાની કબૂલાત કરે. વહીવટ પાછળ જીવન આપ્યું છે એ હકીકત છે. આ પુસ્તક એનો દસ્તાવેજ છે. ...પુસ્તકની વાત કરતાં યાજ્ઞિકસાહેબ મહત્ત્વનો મુદ્દો ચૂકતા નથી. અભિવ્યકિત અને સ્વરૂપને લગતાં વિશેષણો પાછળ વખત બગાડવાને બદલે મૂળ સામગ્રીને પૂરતો ન્યાય આપે છે. અને શ્રોતાને તત્કાળ પુસ્તકનું હાર્દ સમજાય છે. મને લાગે છે કે માર્ક ટુલી અને યાજ્ઞિક સાહેબના અભિગમમાં સામ્ય છે.''

શ્રી કિશોર વ્યાસ લખે છે કે, ''સાહિત્યના અધ્યાપકો યાજ્ઞિક સાહેબને શિક્ષણ સચિવ તરીકે અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કુલપતિ તરીકે જાણે છે.'' જો કે 'વહીવટની વાતો'નું પુસ્તક તેમની પાટણ નિયુકિત સાથે પૂરું થાય છે.'' શ્રધ્ધા છે કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યનિવર્સિટી, પાટણના પ્રથમ કુલપતિ તરીકેની જે જે સંવેદનાઓ અનુભવી છે તેનું પુસ્તક આપણને મળશે જ. 'ગુજરાત સમાચાર'ની પૂર્તિમાં સાડા વરસ ચાલેલી લેખમાળાનું સંકલન 'વહીવટની વાતો' કેવળ સ્મૃતિના આધારે લખે રાખ્યું, જેનું સંકલન હવે પુસ્તકરૂપે વાચકોને સુલભ બને છે. સ્વામી આનંદના લખાણોની ઝાંખી શ્રી યાજ્ઞિક સાહેબના આ પુસ્તકમાં થાય છે. લેખકશ્રી પુસ્તકના 'અતીતને ઓવારે'માં લખે છે કે, ''આપણા સમાજમાં જાહેર વહીવટના વિષયમાં ઘણો ઓછો અને ઉપરછલ્લો જ રસ લેવાય છે. રાજસત્તા અને ચૂંટણી, આંદોલનો, ફરિયાદો અને ઉહાપોહ લોકોને આકર્ષે છે, પક્ષીય રાજકારણ અને તત્કાલીન પણ અલ્પજીવી મુદ્દાઓ લોકોને ઉત્તેજિત કરે છે; પણ શાસનના હાથ-પગ જેવા તંત્ર વિષે ઝાઝી વિચરણા થતી નથી. શાસનનું એક અગત્યનું અંગ છે કારોબારી તંત્ર. નાગરિક પોતાની ચારે બાજુ જે જુએ છે તે જગત ઊભું કરનાર, તેની પ્રવૃત્તિઓને દોરનાર, પ્રેરનાર કે શિસ્તમાં રાખવાનો પ્રયત્ન કરનાર આ તંત્ર છે- સમાજ વ્યવસ્થા જાળવતાં હિતકારક અને હિતરક્ષક અને કયારેક અનિષ્ટ માટે જવાબદાર. આવા મહત્ત્વના અંગની નીતિઓ, તેના અમલ, તેની ગતિવિધિઓ, નિર્ણયશકિત, ક્ષમતા, કાર્યશૈલી અને ગુણવત્તા વિષે ઘણા ઓછા નાગરિકો રસ લે છે. પ્રસાર માધ્યમો અને વિદ્યાપીઠો ધારે તો આ ક્ષેત્રમાં ઘણું કરી શકે. ...તંત્રના જ ભાગ એવા પદાધિકારીઓ અને અધિકારીઓ માટે તો આ બાબત ઘણી અગત્યની છે અને નવા ભરતી થતા અથવા બઢતીથી આગળ ધપતા અધિકારીઓ માટે સવિશેષ, સેવાઓ દરમ્યાન પુષ્કળ મૂંઝવતી અનેક સમસ્યાઓ ઊભી થતી હોય છે તેવે સમયે કોઈની સલાહ, સૂચન કે આદેશ માંગવા જવાનું શકય કે ઉચિત નથી હોતું ત્યારે બીજાના અનુભવોમાંથી મેળવેલી વ્યવહારુ બધ્ધિ જ કામ આવે છે. વળી તેજસ્વી અને પ્રભાવક કારકિર્દીવાળા અધિકારીઓનાં વૃતાંત ઉપરથી ખ્યાલ આવે છે કે પોતાના અધિકારોની, કાયદાની મર્યાદાઓમાં રહીને, આક્રમક અને પ્રતિકૂળ વ્યકિતઓ સામે અને લોકપ્રિયતા અને પ્રસિધ્ધિના છટકાને તાબે થયા વગર અને સ્વમાન જાળવીને કેવી રીતે કામ કરી શકાય છે, લોકહિત માટે ઈનિશિયેટિવ લઈ શકાય છે. ...વાચકોનો આનંદ તે લેખકનો સંતોષ, પણ વિશેષે કરીને સરકારી, કાર્યશીલો-જનતાના સેવકો આવાં સંભારણાંથી જનતાની કંઈક નજીક આવે તે ઈચ્છવા યોગ્ય છે. સવિશેષે તો અત્યારના અને હવેના કોઈ સરકારી અધિકારીને આમાંનું કંઈ પણ રસપ્રદ જણાશે અને થોડું પણ ઉપયોગી લાગશે તો આ પ્રયત્ન લેખે લાગેલો ગણીશ.''

શ્રી યાજ્ઞિક સાહેબની સાથે છ વર્ષ કારકુન તરીકે કામ કર્યું છે. સાહેબશ્રીનો તાપ એવો કે એ તાપમાં તૈયાર થયેલા અને સાહેબશ્રીના પાવન હસ્તે નિમણૂંક પામેલા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓ અધિકારીઓ તરીકે પણ સેવા આપે છે. આ છે વંદનીય સાહેબશ્રીની કમાણી.

સાહેબશ્રીની પાંત્રીસ વર્ષની જાહેર વહીવટની સેવાયાત્રા દરમ્યાન જે જે મહાનુભાવોના હાથ નીચે કામ કરતાં જે કંઈ ને કંઈ શીખતા રહ્યા, જે જે સહયોગી અધિકારીઓ અને કર્મચારી ભાઈઓ સાથે ભાગીદારીમાં ફરજ બજાવતા રહ્યા તેમની સાથેના અનુભવો-સંસ્મરણોના આલેખવાળું આ પુસ્તક ભાવિ કર્મશીલોને રસપ્રદ અને ઉપયોગી એવું આ 'વહી' અને 'વટ' પુસ્તકનું અધિકારીઓ અને કર્મચારીઓએ મનન કરવું રહયું.

ડૉ. બાબુલાલ અંકુયા
મદદનીશ ગ્રંથપાલ


VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. Naresh Shukla,** Department of Gujarati
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com